**-: આંક-૧ નીચે હુકમ :-**

હાલની દરખાસ્ત પી.જી.વી.સી.એલ.સબ ડિવિઝન-૧,મુકામ કોડીનારનાઓએ દાખલ કરવામાં આવેલ છે અને એવી હકીકત જણાવેલ છે કે, **પ્રિ.નં.૩૮/૧૫** આર.એલ. **૮૪૭૭૨૦૦૭૫૦૪,** તા.**૨૨/૦૬/૨૦૧૪** ના રોજ પ્રીલિટિગેશનની લોક અદાલતમાં થયેલ, પક્ષકારો વચ્ચે સમાધાનથી મેટર કેંસલ કરવામાં આવેલ હતો અને જેનું હુકમનામું તા.**૨૨/૦૬/૨૦૧૪**ના રોજ કરવામાં આવ્યું હતું. આ કામના પ્રતિવાદીએ સમાધાન પુરશીસ મુજબ પૈસા ન ભરતા, તેમની સામે **રૂ.૧૫,૪૧૮/-** વસૂલ લેવા હાલની દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે. વધુમાં તેઓ જણાવેલ છે કે, હાલની દરખાસ્ત પહેલાં અગાઉ દરખાસ્ત દાખલ કરવામાં આવેલ હતી,જેનો દરખાસ્ત **નં.૩૫/૧૫** હતો,જે તા.**૨૦/૦૯/૨૦૨૩**ના રોજ ડી.ડી.કરવામાં આવેલ અને ત્યારબાદ હાલની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે.દરખાસ્તદારની દરખાસ્ત રજીસ્ટર નથી તેને સુનાવણી માટે રાખવામાં આવેલ.દરખાસ્તદાર તરફે અગાઉની દરખાસ્ત, જેનો **નં.૩૫/૧૫** હતો,જે તા.**૨૦/૦૯/૨૦૨૩**ના રોજ ડીસમીસ ફોર ડિફોલ્ટથી કાઢી નાખવામાં આવેલ હતી.તે દરખાસ્ત કયા કારણસર ડીસમીસ ફોર ડિફોલ્ટથી કાઢી નાખવામાં આવેલ હતી તે બાબતની કોઈ હકીકત હાલની દરખાસ્તમાં જણાવેલ નથી.જ્યારે ડિક્રીધારકની ડિક્રી બાબતે અગાઉ દરખાસ્ત દાખલ થયેલ હોય અને તે દરખાસ્ત ડીસમીસ ફોર ડિફોલ્ટમાં કેંસલ કરવામાં આવેલ હોય અને તે ફ્રેશ દરખાસ્ત ફરી દાખલ કરતા હોય,તો તે સમયે અગાઉની દરખાસ્ત ડીસમીસ ફોર ડિફોલ્ટના કારણો સ્પષ્ટ જણાવવા જોઈએ.જ્યારે અગાઉની દરખાસ્ત ડીસમીસ ફોર ડિફોલ્ટમાં રદ થયેલ હોય, એટલા માટે નવી દરખાસ્ત આપમેળે સ્વીકારવી ફરજિયાત નથી.ડિસમિસ ફોર ડિફોલ્ટની પીટીશનને રિસ્ટોર કરવા માટે કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ હોવા છતાં,દરખાસ્તદારે તે જોગવાઈનો ઉપયોગ શા માટે કર્યો નથી તે અંગે

કોઈ સંતોષકારક હકીકત દરખાસ્તદાર તરફે રજુ કરવામાં આવેલ નથી. જ્યારે એક વખત દરખાસ્ત ડીસમીસ ફોર ડિફોલ્ટમાં નીકળી ગયેલ હોય ત્યારે,તેનો ઉપયોગ દરખાસ્તદાર કરી તેની દરખાસ્ત રિસ્ટોર કરાવી શકે અને રિસ્ટોર ના કરાવેલ હોય તો તેના યોગ્ય અને વાજબી કારણ દરખાસ્તદારે રજુ કરવુ જોઈએ અને જ્યારે દરખાસ્તદાર આવા યોગ્ય અને વાજબી કારણ રજૂ કરવામાં નિષ્ફળ જાય ત્યારે, દરખાસ્તદારે કરેલ દરખાસ્ત અને દરખાસ્તદારે ફરીથી રજુ કરેલ દરખાસ્ત, તે કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ સમાન છે.જો દરખાસ્તદાર બોનાફાઈડ હોય તો તેઓએ તેમની દરખાસ્ત **૨૩**ના વર્ષમાં ડી.ડી. થયા બાદ તેઓએ તાત્કાલિક રિસ્ટોર કરાવેલ હોત કે તેઓએ રીઝનેબલ ટાઈમમાં ફરી ફ્રેશ પિટિશન દાખલ કરેલ હોત. પરંતુ દરખાસ્તદારે અગાઉ ડિસમિસ ફોર ડિફોલ્ટમાં નિકળી ગયેલ દરખાસ્તને રિસ્ટોર કરાવેલ નથી અને અગાઉની દરખાસ્ત થયાની તારીખથી **ત્રણ વર્ષ** બાદ ફ્રેશ દરખાસ્ત દાખલ કરેલ છે અને આ **ત્રણ વર્ષ**ના ગાળા દરમિયાન દરખાસ્ત દાખલ ન કરવાનું કોઈ વાજબી કારણ જણાવેલ નથી.તેવા સંજોગોમાં દરખાસ્તદારે જે દરખાસ્ત રજુ કરેલ છે,તે કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ છે,તેવું અત્રેની અદાલતનું માનવું છે.જ્યારે દરખાસ્તદાર દ્વારા કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ કરેલ હોય,તેવું જણાય આવતું હોય અને કોઈ વાજબી કારણ જણાવેલ ન હોય,ત્યારે દરખાસ્તદારની દરખાસ્ત/પિટિશન ફગાવી શકાય.દરખાસ્તદારે કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ કરેલ હોય,તેવું અત્રેની અદાલતને જણાય આવતું હોવાથી,દરખાસ્તદારની દરખાસ્ત નીચે મુજબ હુકમ ફરમાવું છુ.

**-: હુકમ :-**

(૧) દરખાસ્તદારની દરખાસ્ત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) દરખાસ્તદારે કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ કરેલ હોય, દરખાસ્તદારને **રૂ.૧,૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પુરા)** કોસ્ટ

કરવાનો હુકમ કરવામાં આવે છે. દરખાસ્તદારે સદર કોસ્ટની રકમ તાલુકા લીગલ સર્વિસ ઓથોરિટીમાં જમા કરાવવાની રહેશે.

(૩) જો દરખાસ્તદાર સદર હુકમ મુજબની રકમ જમા કરાવવામાં કસૂર કરે કે બેદરકારી દાખવે, તો કાયદાકીય રાહે ઉપરોક્ત રકમ વસૂલ કરવાનો હુકમ કરવામાં આવે છે.સદર હુકમની જાણ સારું તેની યાદી દરખાસ્તદારને કરવાની રહેશે.

સદર હુકમ આજરોજ તા.૧૭, માહે: જુલાઈ, સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

Place : Kodinar
Dated: 17-07-2026

(Sajjadhusen Sagirkhan Pathan)
Principal Senior Civil & Addi.
Chief Judicial Magistrate,
Kodinar, Judge Code: GJ 01273